રાજ્ય દ્વારા નિયંત્રિત સંભાળમાં Child Protective Servicesની તપાસ

Washington State Department of
CHILDREN, YOUTH & FAMILIES

Licensing Division/Child Protective Services (લાઇસન્સિંગ વિભાગ/બાળ સુરક્ષા સેવાઓ, LD/CPS)ની તપાસ

DCYFની LD/CPS શાખા બાળકો અને યુવાનોના દુરુપયોગ અથવા ઉપેક્ષાના રિપોર્ટ્સ પર કાર્યવાહી કરે છે. આ રિપોર્ટ્સમાં એવી વ્યક્તિઓ અથવા સ્થળોનો સમાવેશ થાય છે જેમને બાળકો અને યુવાનોની સંભાળ રાખવા માટે રાજ્ય દ્વારા લાઇસન્સ આપવામાં આવ્યું હોય. આમાં પાલક ગૃહો, ગ્રૂપ અથવા રહેણાંક સંભાળ સુવિધાઓ, કૌટુંબિક બાળ સંભાળ ગૃહો, બાળ સંભાળ કેન્દ્રો, રાજ્ય-નિયમિત સુવિધાઓ અને ત્યાં કામ કરતા સ્ટાફનો સમાવેશ થાય છે.

જ્યારે કોઈને લાગે છે કે બાળક અથવા યુવાનનો દુરુપયોગ કે ઉપેક્ષા થઈ છે, ત્યારે તેઓ આક્ષેપની જાણ કરવા માટે DCYFને કૉલ કરી શકે છે. કોઈપણ વ્યક્તિ જેને લાગે છે કે બાળકનો દુરુપયોગ કે ઉપેક્ષા કરવામાં આવી છે તે રિપોર્ટ કરવા માટે 1-866-363-4276 અથવા 9-1-1 પર કૉલ કરી શકે છે. જો આક્ષેપ એવી સુવિધામાં થયો હોય જે રાજ્ય-નિયંત્રિત હોય, બાળકોની સંભાળ માટે લાઇસન્સ ધરાવતી હોય, અથવા લાઇસન્સિંગને પાત્ર હોય, તો તે કેસ તપાસ માટે LD/CPSને સોંપવામાં આવે છે. LD/CPS શારીરિક શોષણ, જાતીય શોષણ, બેદરકારીભર્યું વર્તન અને/અથવા ગેરવર્તણૂક, જાતીય શોષણ, માનવ તસ્કરી અને બાળ મૃત્યુના આક્ષેપોની તપાસ કરે છે.

જ્યારે LD/CPS બાળક અથવા યુવાનના દુરુપયોગ અથવા ઉપેક્ષાના આક્ષેપોની તપાસ કરે ત્યારે શું થાય છે?

તપાસકર્તા નીચે મુજબની કામગીરી કરશે:

- જો જરૂરી હોય તો કાયદા અમલીકરણનો સંપર્ક કરશે.
- કથિત પીડિતોનું ઇન્ટરવ્યૂ લેશે.
- જ્યાં સુધી તપાસ પર અસર ન પડે ત્યાં સુધી, શક્ય તેટલી વહેલી તકે તમને આક્ષેપો વિશે જાણ કરશે.
- તમને રિપોર્ટ પર તમારો પ્રતિસાદ આપવાની તક આપશે.
- કથિત ઘટના વિશે સંબંધિત માહિતી ધરાવતા સાક્ષીઓ અને અન્ય લોકોનું ઇન્ટરવ્યૂ લેશે.
- ફાઇલો અને પોલિસીઓની સમીક્ષા કરવા અને સુવિધાનું મૂલ્યાંકન કરવા માટે સ્થળની મુલાકાત લેશે.
- જો જરૂરી હોય તો, નિષ્ણાતોની સલાહ લેશે.
- સમયસર તપાસ પૂર્ણ કરશે. અમારો ઉદ્દેશ્ય 60 દિવસની અંદર તપાસ પૂર્ણ કરવાનો છે, પરંતુ જો કાયદા અમલીકરણ સામેલ હોય તો તેમાં 90 દિવસ કે તેથી વધુ સમય લાગી શકે છે. જો તમને પ્રક્રિયામાં લાગતા સમય વિશે ચિંતા હોય, તો કૃપા કરીને તમારા વિસ્તારના LD/CPS સુપરવાઇઝરનો સંપર્ક કરો.
- રાજ્યના કાયદા મુજબ બાળક અથવા યુવાનનો દુરુપયોગ કે ઉપેક્ષા થઈ છે કે નહીં તે નક્કી કરશે.

તારણો શું છે?

LD/CPS તપાસકર્તા નક્કી કરે છે કે આક્ષેપ રાજ્યના કાયદા RCW 26.44.020માં વ્યાખ્યાયિત કર્યા મુજબ દુરુપયોગ અથવા ઉપેક્ષાના સ્તર સુધી પહોંચે છે કે નહીં. કોઈપણ આક્ષેપ કાં તો સ્થાપિત હોય છે અથવા તો પાયાવિહોણો હોય છે.

સ્થાપિત એટલે: ઉપલબ્ધ માહિતીના આધારે, એવી પૂરેપૂરી શક્યતા છે કે દુરુપયોગ અથવા ઉપેક્ષાની ઘટના બની છે.

પાયાવિહોણો એટલે: ઉપલબ્ધ માહિતીના આધારે, એવી પૂરેપૂરી શક્યતા છે કે દુરુપયોગ અથવા ઉપેક્ષાની ઘટના બની નથી અથવા આક્ષેપિત દુરુપયોગ થયો છે કે નહીં તે નક્કી કરવા માટે પૂરતા પુરાવા નથી.

જ્યારે તપાસ પૂર્ણ થશે, ત્યારે તમને ટપાલ દ્વારા એક પત્ર મોકલવામાં આવશે જે તમને જણાવશે કે તારણ સ્થાપિત હતું કે પાયાવિહોણું. જો આક્ષેપો સ્થાપિત હોય, તો પત્રમાં તમને જણાવવામાં આવશે કે તારણો સામે અપીલ કેવી રીતે કરવી અને અપીલ માટેની સમયમર્યાદા શું છે.

જો આક્ષેપ પાયાવિહોણો હોય તો પણ, તમારા લાઇસન્સર અથવા પ્રોગ્રામ ઓથોરિટી તપાસ દરમિયાન જાણવા મળેલી કોઈપણ ચિંતાઓને દૂર કરવા માટે તમારી સાથે કામ કરી શકે છે.

LD/CPS પાસે ફક્ત જોખમ તપાસ પૂર્ણ કરવાનો અધિકાર પણ છે. ફક્ત જોખમની તપાસ સુવિધામાં બાળકો અને યુવાનો માટે વર્તમાન અને ભાવિ જોખમોનું મૂલ્યાંકન કરશે.

તપાસ દરમિયાન તમે:

- તમારા ઇન્ટરવ્યૂ દરમિયાન અન્ય એક પુખ્ત વ્યક્તિ કે જે તપાસમાં પક્ષકાર ન હોય તેને હાજર રાખી શકો છો. માહિતી શેર કરવા માટે તમારે સંમતિ પત્ર પર સહી કરવી આવશ્યક છે.
- ઇન્ટરવ્યૂ આપવાનો ઇનકાર કરી શકો છો. જો તમે ઇન્ટરવ્યૂ આપવાનો ઇનકાર કરો, તો તપાસ પૂર્ણ થાય તે પહેલાં તમે લેખિત પ્રતિસાદ નહીં મોકલો તો LD/CPS તમારા ઇનપુટ વિના તારણ કાઢશે.
- કોઈપણ સમયે આક્ષેપોનો લેખિત પ્રતિસાદ આપી શકો છો અને તપાસ સંબંધિત કોઈપણ દસ્તાવેજો શેર કરી શકો છો. CPS તેને તમારી ફાઇલમાં ઉમેરશે.
- તમે **dcyf.publicdisclosure@dcyf.wa.gov** પર જાહેર જાહેરાત માટે વિનંતી કરી શકો છો.

જો મને તપાસ વિશે કોઈ ચિંતા હોય તો મારે કોનો સંપર્ક કરવો?

જો તમને તમારા કેસને કેવી રીતે હેન્ડલ કરવામાં આવ્યો તે અંગે કોઈ ચિંતા હોય, તો કૃપા કરીને પહેલા તપાસકર્તાના સુપરવાઇઝરનો સંપર્ક કરો. જો તમને લાગે કે સમસ્યાનું નિરાકરણ આવ્યું નથી, તો સુપરવાઇઝરના એરિયા એડમિનિસ્ટ્રેટરનો સંપર્ક કરો.

તમે કોઈપણ સમયે સહાય માટે 1-800-723-4831 પર કોન્સ્ટિટ્યુઅન્ટ રિલેશન્સની કચેરીનો સંપર્ક કરી શકો છો.

– અથવા –

તમે 1-800-571-7321 પર ફેમિલી એન્ડ ચિલ્ડ્રન્સ ઓમ્બડ્સની કચેરી*નો સંપર્ક કરી શકો છો.

LD/CPSને સંચાલિત કરતા રાજ્યના કાયદાઓ વિશે વધુ માહિતી માટે, કૃપા કરીને આ વેબસાઇટ્સ જુઓ: RCW 26.44.020: **https://app.leg.wa.gov/rcw/default.aspx?cite=26.44.020** અને WAC 110-30: **https://app.leg.wa.gov/wac/default.aspx?cite=110-30**

** આ એજન્સી DCYFથી અલગ છે અને તે DCYF સંબંધિત કોઈપણ ચિંતાઓની તપાસ કરવાની સત્તા ધરાવે છે.*

મહત્વપૂર્ણ સંપર્ક માહિતી



રાજ્યવ્યાપી LD/CPS ઓફિસ

☐ **પ્રદેશ 1**
316 W. Boone Ave.,
Ste 500
Spokane, WA 99201

☐ **પ્રદેશ 2**
1002 N. 16th Ave.,
Yakima, WA 98902

☐ **પ્રદેશ 3**
8625 Evergreen Way,
Ste 250
Everett, WA 98208

☐ **પ્રદેશ 4**
4045 Delridge Way SW,
Ste 201
Seattle, WA 98106

☐ **પ્રદેશ 5**
1949 S. State St.,
Tacoma, WA 98405

☐ **પ્રદેશ 6**
6860 Capitol Blvd. SW,
Bldg #2
Tumwater, WA 98501

જો તમને તપાસ વિશે કોઈ પ્રશ્નો હોય, તો **dcyfdlliccpsfcadministrativestaff@dcyf.wa.gov** પર અમારો સંપર્ક કરો.

માત્ર ફોસ્ટર અને કિનશિપ સંભાળ રાખનારાઓ

Foster Intervention and Retention Support Team (ફોસ્ટર ઇન્ટરવેન્શન એન્ડ રીટેન્શન સપોર્ટ ટીમ, FIRST) એ એક એવું સંસાધન છે જે ફોસ્ટર માતા-પિતા અને કિનશિપ સંભાળ રાખનારાઓ માટે ઉપલબ્ધ છે, જેથી LD/CPS તપાસ દરમિયાન તમને સહાય પૂરી પાડી શકાય. તે સામુદાયિક સંસાધનો માટે રેફરલ્સ (ભલામણો) પણ પૂરા પાડે છે. તમે FIRST નો 866-393-6186 પર સંપર્ક કરી શકો છો.

બાળ સંભાળ પૂરી પાડનારાઓ માહિતી અને સપોર્ટ માટે DCYF વેબસાઇટ **www.dcyf.wa.gov**ની મુલાકાત લઈ શકે છે.

Washington State Department
of Children, Youth & Families
Licensing Division
1500 Jefferson St. SE
Olympia, WA 98501

જો તમે વિકલાંગતા ધરાવતી વ્યક્તિ હો અને Americans with Disabilities Act (અમેરિકન્સ વિથ ડિસેબિલિટીઝ એક્ટ, ADA) હેઠળ મળતા તમારા અધિકારો વિશે ચિંતિત હો, તો વધુ માહિતી માટે અને ઓનલાઇન ફરિયાદ કેવી રીતે કરવી તેની સૂચનાઓ માટે કૃપા કરીને *ADA/504 પબ્લિક નોટિસ ઓફ નોન-ડિસ્ક્રિમિનેશન* (ADM_0026) પ્રકાશન **www.dcyf.wa.gov/publications-library/ADM_0026** પર જુઓ.

જો તમે આ પ્રકાશનની મફત કૉપિ અન્ય ફોર્મેટ અથવા ભાષામાં મેળવવા માંગતા હોવ, તો કૃપા કરીને 1-800-723-4831 પર DCYF Constituent Relations નો સંપર્ક કરો અથવા **communications@dcyf.wa.gov** *પર ઇમેઇલ કરો*

DCYF PUBLICATION LIC_0002 | DSHS 22-452 GJ (02-2026) Gujarati